ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૫/૧૯-૨૦/ 952 તારીખ : 28 FEB 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ખીમસુરીયા કીશોરભાઈ વાલજીભાઈ,**
સત્ય સદન સોસાયટી, પ્લોટ નં.સી/૨૯૬,
ગાયત્રી રોડ, મહુવા,
જી.ભાવનગર.
**મો.નં. ૯૪૨૬૪ ૫૦૦૮૧**

કેસ નં.૮૫/૧૯-૨૦

**વિષય : ઓફીસ માટે વીજ કનેકશન આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૨/૧૦/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૫/૧૯-૨૦/૪૩૫૧ તા.૦૪/૧૧/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૫/૧૯-૨૦/૨૧૬ તા.૧૦/૦૧/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૫/૧૯-૨૦/૫૭૯ તા.૦૩/૦૨/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૩/૦૧/૨૦૨૦ તથા ૧૪/૦૨/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. બી. સોલંકી)
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મહુવા શહેર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૮૫/૧૯–૨૦** ☜

વાદી :– શ્રી ખીમસુરીયા કીશોરભાઈ વાલજીભાઈ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◆ **રજુઆતની તારીખઃ– ૨૩.૦૧.૨૦૨૦ તથા ૧૪.૦૨.૨૦૨૦** ◈

**હાજર રહયા** :– શ્રી ખીમસુરીયા કીશોરભાઈ વાલજીભાઈ – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી ટી. એમ. પંડયા, કા.વા. કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ખીમસુરીયા કીશોરભાઈ વાલજીભાઈ, મુ.મહુવા, જી.ભાવનગરની ઓફીસ માટે વીજ કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૫/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૮૫/૧૯–૨૦/૪૩૫૧ તા.૦૪.૧૧.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૩.૦૧.૨૦૨૦ અને તા.૧૪.૦૨.૨૦૨૦ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જે બન્ને મુદતમાં વાદી શ્રી ખીમસુરીયા કીશોરભાઈ વાલજીભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી ટી. એમ. પંડયા, કા.વા. કાર્યપાલક ઈજનેર, તથા શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા. વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ભાવનગર જીલ્લાના તાલુકો મહુવામાં અમે વાસી તળાવમાં નાગરીક બેંકની સમે કોર્નર પરસીવલ પરા પાસે સી.ટી. સર્વે નં.૧૮૮૦/૨/૨ તથા સી.સ.નં.૧૮૮૦/૩ પૈ તથા સી.સ.નં.૧૮૮/૩ ની બીલ્ડીગમાં અગાસી ઉપરનો ભાગ અમે ખરીદ કરેલ (૧) તાહીરાબાનુ આરીફહુસને મરચન્ટ તથા (૨) ગુલસનબાનુ મહમદહુસેન પાસેથી દસ્તાવેજથી કરી કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૨ અગાસી બિલ્ડીગમાં ઉપરના ભાગે અમે બાંધકામ કરી ઓફીસો બનાવેલ છે આખી બીલ્ડીગમાં હોસ્પીટલ–દુકાનો તમામ જગ્યામાં વીજ કનેકશન ચાલે, અમે ઓફીસ નં.૮ બનાવેલ તેમા વીજ કનેકશનની માંગણી કરેલ તો વીજકંપનીના જવાબદાર અધિકારી અને બીલીગ વિભાગના કર્મચારીએ વીજકનેકશન આપવા અટકાવેલ છે પ્રથમ નાગરીક બેંક કોર્નર પાસેથી જુના બગીચા ચોક બોમ્બે ગેસ્ટ હાઉસ સુધીમાં મરચન્ટ નામના અટકધારીની મિલ્કતમાં અનેક દુકાનો આવેલ છે.

૧.૩ પ્રથમ તો વીજ કર્મચારીને ખબર નથી કે ઓઈલ મીલ કયા હતી, કયા સી.સ.નં.માં હતી તેની જાણ નથી અમે જે જગ્યા ખરીદ કરેલ તે જગ્યામાં ઓઈલ મીલ હતી નહી, સ્થાનીક લોકોમાંથી જાણવા મળેલ કે પરસીવલ પરા કોર્નરમાં ઓઈલ મીલ હતી નહી. મરચન્ટ અટક ધારી મહુવામાં અનેક ૫૦૦ કરતા વધારે છે તમામ દુકાનોમાં વીજ કનેકશન આપેલ છે.

૧.૪ **પ્રથમ ખાત્રી કરીને જગ્યાની જાણકારી કરીને કનેકશન અટકાવવું જોઈએ ઓઈલ મીલનો માલીક કોણ છે જીવે છે કે અવસાન પામેલ છે કઈ જગ્યામાં ઓઈલ મીલ હતી તે વીજ કચેરીને જાણ નથી તેથી ખોટી રીતે હેરાન કરવામાં આવે છે તો આપ સાહેબ અમારી ફરીયાદનો અભ્યાસ કરાવી વીજ કનેકશન આપવા હુકમ કરવા વિનંતી છે.**

☞ **<u>વાદીશ્રીની રજુઆતઃ</u>– વાદી દવારા ફોરમને કરેલ વધુ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો મહુવા સીટી સર્વે નંબર ૧૮૮૦/૨/૨, ૧૮૮૦/૨/૩ તથા ૧૮૮૦/૩ વાળી મિલ્કતમાં સેકન્ડ ફલોરમાં આવેલ ઓફીસ નં.૦૮ માલકીપણામાં ધરાવીએ છીએ અને તેવી ઓફીસમાં અમોએ કોમર્સીયલ હેતુ માટે વીજ કનેકશનની માંગણી કરતા અમારી મિલ્કતની બાજુમાં આવેલ હાલમાં ડોકટર રશ્મીકાંત જાનીનાં દવાખાનાવાળી મિલ્કતની પાછળની બાજુમાં ભુતકાળમાં આવેલ ક્રેસન્ટ ઓઈલ મીલ પાસે પીજીવીસીએલ ના બાકી બીલના લેણાં હોય અમોને પાડાના વાંકે પખાલીને ડામ તે રીતે ક્રેસન્ટ ઓઈલમીલનું બાકી લેણુ હોય તેથી તમોને વીજ કનેકશન મળી શકે નહી તેમ જણાવતા હાલની આ અરજી કરવા ફરજ પડેલ છે. અમારી અરજીનાં સમર્થનમાં નીચે મુજબ રજુઆત છે.

(૧) ક્રેસન્ટ ઓઈલમીલ અને અમારી મિલકત કે જેમાં અમોએ વીજ કનેકશન માંગેલ છે તેને કાંઈ લાગતુ વળગતુ નથી.

(૨) ક્રેસન્ટ ઓઈલમીલ અમારી મિલકતની બાજુમાં આવેલ હાલમાં ડોકટર રશ્મીકાંત જાનીના દવાખાનાવાળી મિલ્કતની પાછળની બાજુમાં ભુતકાળમાં આવેલ હતી.

(૩) પારા નં.૨ ની વાતને રજી. વેચાણ દસ્તાવેજ નં.૮૮૮ તા.૦૬–૦૫–૧૯૮૭ ના પાના નં.૭ માં જણાવેલ ચતુઃસીમા પરથી સમર્થન મળે છે.

(૪) જે બીલ્ડીગમાં આવેલ ઓફીસમાં અમોએ વીજ કનેશન માંગેલ છે તે બીલ્ડીગનો ગ્રાઉન્ડ ફલોર અને ફર્સ્ટ ફલોર આશરે ૩૪ વર્ષ પહેલાના બંધાયેલ હતા અને તેવા બીલ્ડીગના ગ્રાઉન્ડ ફલોરમાં આવેલ દુકાનો તથા ફર્સ્ટ ફોરમાં આવેલ દવાખાનામાં આશરે ૩૪ વર્ષ પહેલાથી વીજ કનેકશન આવેલ છે.

(૫) અમે જે ઓફીસમાં કનેકશન માંગેલ છે તેનો નંબર ૮ છે અને અમારી આગળની ઓફીસ નં.૧૩ માં જોષી અરૂણકુમાર વિનોદરાયને પીજીવીસીએલ દ્વારા આશરે ત્રણેક વર્ષ પહેલા ઓલરેડી વીજ કનેકશન આપવામાં આવેલ છે. જોષી અરૂણકુમાર વિનોદરાય બ્રાહ્મણ છે અને અમો અરજદાર હરીજન છીએ.

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

કદાચ ક્રેસન્ટ ઓઈલમીલનું બહાનુ કાઢીને તેવા કારણસર જ અમોને વીજ કનેકશન આપવામાં આવતું નથી. આ બાબત ગુજરાત વિધાનસભામાં ચુંટાયેલ એમ.એલ.એ. માફરત વિધાનસભા પ્રશ્ન પુછાંવવાનો અમારો અધિકાર અબાધીત રાખીએ છીએ.

(૬) જે મિલકતમાં અમોએ વીજ કનેકશન માંગેલ છે તેવી મિલકત અમોને વેચનારાઓએ ૧૯૮૬ ની સાલમાં ખરીદેલ છે અને તેઓએ તેવી મિલકતની એફ.એસ.આઈ. અમોને ૨૦૧૫ ની સાલમાં વેચાણ કરેલ છે અને તેવી એફ.એસ.આઈ. પર ભુતનાથ બીલ્ડકોન નામની ભાગીદારી પેઢીએ કુલ ૧૩ ઓફીસોનું બાંધકામ કરેલ છે તેથી ક્રેસન્ટ અલઈલમીલનાં માલીક સાથે અમારા વાળા બીલ્ડીગને ૧૯૮૬ ની સાલથી કાંઈ લાગતુ વળગતુ નથી.

(૭) ઉપરોક્ત પારા ૫ ની વિગતોને રજી. વેચાણ દસ્તાવેજ નં.૭૫૬ તા.૦૩–૦૬–૧૯૮૬ તથા દ.ર.નં. ૧૨૩૬ તા..૧૦–૧૦–૧૯૮૬ તથા દ.ર.નં.૧૨૩૭ તા.૧૦–૧૦–૧૯૮૬ થી સમર્થન મળે છે.

**૧.૨ આમ, દસ્તાવેજી પુરાવાઓથી** એ સાબીત થાય છે કે ક્રેસન્ટ ઓઈલમીલ વાળી મિલકત સાથે અમારી મિલકતને કાંઈ લાગતુ વળગતુ ન હોય અમોએ માંગેલ વીજ કનેકશન પીજીવીસીએલ દવારા રોકી શકાય નહી વળી અમારી મિલકત ૧૯૮૬ થી અમોને વેચનારને વેચાણ આપનાર હોય ક્રેસન્ટ ઓઈલમીલ સાથે અમારે કાંઈ લેવા દેવા નથી. દુઃખની વાત એ છે કે ઉપરોક્ત તમામ દસ્તાવેજોની ખરી નકલો પીજીવીસીએલ દવારા ઘણાં જ સમય પહેલા સબ–રજીસ્ટ્રાર કચેરી મહુવા પાસેથી મેળવેલ હોવા છતાં તેનો ઉચીત અભ્યાસ કર્યા વીના તથા અમોએ કરેલ મૌખીક રજુઆત ધ્યાને લઈ પીજીવીસીએલ મહુવા ટાઉન કચેરીને અમોએ માંગ્યા મુજબ વીજ કનેકશન તાત્કાલીક ધોરણે જોડી આપવા તથા આ બાબત અમારે ખુબ જ માનસીક ત્રાસ સહન કરવો પડેલ હોય, વીજ કનેકશનનાં અભાવે અમો ધંધો ન કરી શકતા ખુબ જ નાણાંકીય નુકસાન સહન કરવુ પડેલ હોય, તે બદલ યોગ્ય વળતર પીજીવીસીએલ મહુવા ટાઉન પાસેથી અમોને અપાવવા અરજ છે.

☛ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદારનું નામ– શ્રી કશિોરભાઈ વાલજીભાઈ ખીમસુરીયા. ગ્રાહકશ્રી કીશોરભાઈ વાલજીભાઈ ખીમસુરીયા દવારા ઓફીસ માટે વીજ કનેકશન મેળવવા માટે વિભાગીય કચેરી મહુવા હેઠળ આવતી પેટા વિભાગીય કચેરી મહુવા ટાઉન સબ ડીવીઝનમાં ઈનવર્ડ નં.૧૩૩૭ તા.૧/૮/૧૯ ના રોજ રજી. ચાર્જ ભરપાઈ કર્યા વગર અરજી કરેલ છે.

૨.૨ સદર સ્થળ પર ક્રેસન્ટ અલઈલ મીલ કે/ઓ.હસનઅલી જાફરઅલી મર્ચન્ટના નામનુ ગ્રાહક નં.૩૭૧૦૧/૫૦૦૯૧/૯ નું ૧૦૩ હો.પા.નું ઓઈલ મીલ હેતુ માટેનું વીજ કનેકશન વર્ષ ૦૫/૧૧/૧૯૬૩ માં રીલીઝ થયેલ હતું.

૨.૩ મહુવા ટાઉન પેટા વિભાગીય કચેરી દવારા પત્ર નં.મહુવા/શહેર/લીગલ/૫૪૩૬ તા.૬/૧૨/૧૯ થી સદર સ્થળ ઉપર ક્રેસન્ટ ઓઈલમીલ (હસનઅલી જાફરઅલી મર્ચન્ટના નામનું ગ્રાહક નં.૩૭૧૦૧/૫૦૦૯૧/૦) નું ૧૦૩ એચ.પી.નું ઓઈલ મીલ હેતુ માટેનું તા.૧૬/૨/૯૪ ના રોજ વીજ ચોરીમાં બુક થવાથી તેમને તા.૧૮/૨/૯૪ ના રોજ રૂા.૧૪,૪૮,૧૩૫.૫૦ નું પુરવણી બીલ આપવામાં આવેલ હતું જે પાવરચોરીનું બીલ ન ભરતા વર્ષ ૧૯૯૬

માં સદર કનેકશન કપાયેલ હતું. પાવરચોરીનું બીલ ના ભરતા હાલમાં હાઈકોર્ટમાં પ્રથમ અપીલ નં.૬૫૩/૨૦૧૨ અને અપીલ નં.૧૦૫૨/૨૦૧૩ પેન્ડીગ છે. જે અનુસંધાને અરજદારને સવાલવાળા સ્થળ પર કંપનીનું લેણું બાકી હોય તેથી ઓફીસના વાણીજય હેતુ માટે વીજ કનેકશન મળી શકે નહી તેવો નોટીસ દવારા જવાબ પાઠવેલ છે.

૨.૪ જે મુજબ વાદીશ્રી કીશોરભાઈ વાલજીભાઈ ખીમસુરીયા દવારા વાસીતળાવ વિસ્તારમાં નાગરીક બેંકની પાસેના કોર્નરનો વિસ્તાર કે જે પરીશવલપરા વિસ્તાર તરીકે ઓળખાય છે જેના સીટી સર્વે નં.૧૮૮૦/૨/૨ તથા નં.૧૮૮૦/૨/૩ પૈકી તથા સીટી સર્વે નં.૧૮૮૦/૩ ની બીલ્ડીગમાં અગાસીના ઉપરના ભાગમાં બનાવવામાં આવેલ ઓફીસમાંથી ઓફીસ નં.૮ માં કોમર્શિયલ હેતુ માટેનું વીજ કનેકશન માંગેલ છે.

૨.૫ સદર અરજદાર દવારા જે વહેંચણી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તેનો અભ્યાસ કરતા તેમા જે સીટી સર્વે નંબરનો ઉલ્લેખ કરેલ છે તે મુજબ તથા તેમા પુરોગામી દસ્તાવેજના જે નંબરનો ઉલ્લેખ કરેલ છે તે દસ્તાવેજોના નંબરો અનુક્રમે ૩૮૩૦ અને ૩૮૨૯ તા.૫/૯/૧૫ ની નકલો સબ રજી. કચેરી મહુવામાંથી મેળવી તેનો અભ્યાસ કરતાં તેમા વેચનાર પાર્ટી તરીકે ગુલશનબાનુ મહમંદહુસૈન મરચન્ટ તથા તાહેરાબાનુ આરીફહુસૈન મરચન્ટ માલુમ પડેલ છે. સદર દસ્તાવેજોનો અભ્યાસ કરતા તેમા આગળના પુરગામી દસ્તાવેજ નં.૧૨૩૭ અને ૧૨૩૬ તા.૧૦/૧૦/૮૬ માલુમ પડે છે. તે બંને દસ્તાવેજોનો અભ્યાસ કરતા તેમા સદર મીલ્કત વેચનાર તરીકે હસનઅલી જાફરઅલી મરચન્ટનું નામ આવેલ છે તેમજ દસ્તાવેજ નં.૩૮૨૯ તા.૫/૯/૧૫ નો વિગતવાર અભ્યાસ કરતા તેમા દસ્તાવેજ નં.૮૧૯ તા.૮/૬/૧૯૭૬ નો ઉલ્લેખ કરેલ છે તે દસ્તાવેજની નકલ સબ રજી. કચેરી મહુવા પાસેથી મેળવી તેનો અભ્યાસ કરતા તેમા સદર મીલ્કત ખરીદનાર તરીકે હસનઅલી જાફરઅલી મરચન્ટ તેમજ વેચનાર પાર્ટી તરીકે મેનેજીગ ટ્રસ્ટી અકબરઅલી લાખાણી (એમ.એન.ટ્રસ્ટ) નુ નામ માલુમ પડેલ છે. હવે અરજદાર વારા રજુ કરેલ વહેંચણી દસ્તાવેજમાં કુલ ૨ દસ્તાવેજોની સંયુકત પ્રીમાઈસીસ ફલીત થાય છે જે બંને દસ્તાવેજો ની મુખ્ય વેચનાર પાર્ટી હસનઅલી જાફરઅલી મરચન્ટ જ છે.

૨.૬ આ સાથે સીટી સર્વે નં.૧૮૮૦/૨/૨ તથા નં.૧૮૮૦/૨/૩ પૈકી તથા સીટી સર્વે નં.૧૮૮૦/૩ ની પ્રમોલગેશનની નકલો સામેલ છે, જેમાં પણ મુળ ધારણ કરતા નામ હસનઅલી જાફરઅલી મરચન્ટ જ છે તેથી સદર જગ્યા હસનઅલી જાફરઅલીની જ છે તેવુ પ્રસ્થાપીત થાય છે.

૨.૭ ઉપરોકત દસ્તાવેજો વર્ષ ૧૯૭૬ મા બનાવવામાં આવેલ છે. જયારે ક્રેસન્ટ ઓઈલમીલ નામનું વીજ કનેકશન વર્ષ ૧૯૭૬ પહેલા રીલીઝ થયેલ હતું.

૨.૮ ક્રેસન્ટ ઓઈલમીલ નામનું વીજ કનેકશન રીલીઝ કરતી વખતે સદર ત્રણેય દસ્તાવેજો સંયુકત હોય તેવું માલુમ પડે છે. સદર દસ્તાવેજોની નકલ પુરાવા તરીકે સામેલ છે.

૨.૯ સદર સ્થળ પર કંપનીનું બાકી વીજ લ્હેણું છે જેથી સદર સ્થળ પર અન્ય નવું વીજ કનેકશન સપ્લાય કોડના નોટીફીકેશન નં.૪/૨૦૧૫ ના પેટા નં.૪.૩૦ મુજબ આપી શકાય નહી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર ખીમસુરીયા કીશોરભાઈ વાલજીભાઈએ મહુવા શહેરમાં સ.નં.૧૮૮૦/૨/૨, ૧૮૮૦/૨/૩ તથા ૧૮૮૦/૩ વાળી મિલ્કત માં સેકન્ડ ફ્લોર પર ઓફીસ નં.૮ પર તેમની માલીકીની ઓફીસમાં કોમર્શીયલ હેતુ માટે વીજજોડાણ માંગેલ છે. પ્રતિવાદીએ જણાવ્યા મુજબ આ જગ્યા પર ૧૯૬૩ માં હસનઅલી જાફરઅલી મરચન્ટના નામનું ૧૦૩ હો.પા.નું ક્રેસન્ટ ઓઈલમીલ માટે વીજજોડાણ ગ્રાહક નં.૩૭૧૦૧/૫૦૦૯૧/૯ થી આપેલ.

૩.૨ પ્રતિવાદીએ ક્રેસન્ટ ઓઈલમીલના વીજજોડાણને તા.૧૬/૦૨/૯૪ ના રોજ વીજચોરીને લીધે **રૂા.૧૪,૪૮,૧૩૫.૫૦ નું પુરવણી બીલ આપેલ, જે ભરપાઈ ન થતાં ૧૯૯૬ ના વર્ષમાં વીજજોડાણ કાપી નાંખવામાં આવેલ.**

૩.૩ નામદાર કોર્ટનાં હુકમ સામે નામદાર હાઈકોર્ટ માં પ્રતિવાદીની અપીલ ૬૫૩/૨૦૧૨ અને અપીલ ૧૦૫૨/૨૦૧૩ નંબરથી પેન્ડીગ છે.

૩.૪ ઉપરોક્ત પારા નં.૩.૨ અને ૩.૩ માં જણાવ્યા મુજબના કારણોસર પ્રતિવાદીએ વાદીએ માંગેલ વીજજોડાણનાં સ્થળ પર પ્રતિવાદીની રકમ રૂા.૧૪,૪૮,૧૩૫.૫૦ બાકી હોય, વાદી અરજદાર કીશોરભાઈને વીજજોડાણ આપવાની ના પાડેલ છે.

૩.૫ પ્રતિવાદી પાસે ક્રેસન્ટ ઓઈલ મીલનું વીજજોડાણ ખરેખર ઉપર જણાવેલ ૩ સીટી સર્વે નંબરની જગ્યામાંથી કઈ અને કેટલી જગ્યા પર વીજજોડાણ આપવામાં આવેલ તેવો કોઈ આધારભૂત રેકોર્ડ નથી. તેમજ પ્રતિવાદી ક્રેસન્ટ ઓઈલ મીલનાં વીજજોડાણ માટેનું એ–૧ ફોર્મ કે જે તે સમયે જગ્યાની માલીકી અંગેના કોઈ આધારભૂત દસ્તાવેજ આપી શકેલ નથી.

૩.૬ વાદી કીશોરભાઈએ સેકન્ડ ફલોરની ઓફીસ નં.૮ માં વીજજોડાણ ની માંગણી કરેલ છે. આ જ મીલ્કતમાં ગ્રાઉન્ડ ફલોર ઉપર તેમજ ફર્સ્ટ ફલોર પર પ્રતિવાદીએ આશરે ૩૦ વીજજોડાણો આપેલ છે તેમજ સેકન્ડ ફલોર પર પણ વીજજોડાણ આપેલ છે.

૩.૭ વાદી તેમજ પ્રતિવાદી બન્નેએ રજુ કરેલ દસ્તાવેજ/ રેકોર્ડ માં જોતાં ઉપરોકત જણાવેલ સીટી સર્વે નં.૧૮૮૦/૨/૨, ૧૮૮૦/૩ તેમજ ૧૮૮૦/૨/૩ ની માલીકી એમ.એન. ટ્રસ્ટની હતી. એમ.એન. ટ્રસ્ટ એ રજી. દસ્તાવેજ નં.૧૮૧૯ તા.૦૮/૦૬/૭૬ થી આ જગ્યા હસનઅલી જાફરઅલી મરચન્ટને વેચાણથી આપેલ. ત્યારબાદ હસનઅલી જાફરઅલી મરચન્ટ એ રજી. દસ્તાવેજ નં.૭૫૬ તા.૦૩/૦૮/૮૬ તેમજ તાહીરાબાનુ આરીફહુસેન ને રજી. દસ્તાવેજ ૧૨૩૬ તા.૧૦/૧૦/૮૬ થી વેચાણે આપેલ. ગુલશનબાનુ આરીફહુસેન એ રજી.દ.નં.૩૮૩૦ તા.૦૫/૦૯/૧૫ થી કીશોરભાઈ વાલજીભાઈ ખીમસુરીયાને વેચાણથી આપેલ છે.

૩.૮ ફોરમ પાસે રજુ થયેલ દસ્તાવેજ જોતાં ક્રેસન્ટ ઓઈલ મીલનું વીજજોડાણ ૧૯૬૩ માં ચાલુ કરવામાં આવેલ અને ૧૯૯૬ માં કાપી નાખવામાં આવેલ, તે દરમ્યાન ઉપરોક્ત દસ્તાવેજ તપાસતાં, હસનઅલી જાફરઅલી મરચન્ટ એ જુન–૧૯૮૬ માં ગુલશનબાનુ અને તાહીરાબાનુ ને જગ્યાનું વેચાણ કરેલ. આમ, હસનઅલીએ

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ગુલશનબાનુ અને તાહેરાબાનુ ને જગ્યાનું વેચાણ કર્યા પછી લાંબા સમય બાદ એટલે કે વર્ષ ૧૯૯૬ સુધી ક્રેસન્ટ ઓઈલમીલના વીજજોડાણનો વપરાશ થતો હતો તેથી એવું કહી શકાય કે ગુલશનબાનુ કે તાહેરાબાનુ કે જે જગ્યા હસનઅલી જાફરઅલી મરચન્ટ પાસેથી વેચાણે લીધેલ તે દસ્તાવેજ મુજબ ખુલ્લી જગ્યા હતી અને તેમાં કોઈ ઓઈલમીલનું વીજજોડાણ હતુ નહી અને ત્યારબાદ ગુલશનબાનુ એ દસ્તાવેજ નં.૩૮૩૦ તા.૦૫/૦૯/૧૫ થી મીલ્કતવાળી જગ્યા કીશોરભાઈ વાલજીભાઈ ખીમસુરીયાને વેંચેલ.

૩.૯ ઉપર મુજબ જણાવેલ દસ્તાવેજોમાં દસ્તાવેજ નં.૭૫૬ તા.૦૩/૦૮/૮૬ દવારા હસનઅલી જાફરઅલી એ ગુલશનબાનુ ને જે જગ્યાનું વેચાણ કરેલ છે તેના દસ્તાવેજના પાના નં.૨ માં જણાવ્યા મુજબ કીશોરભાઈને વેચાણ કરેલ જગ્યા ખુલ્લી જમીનવાળી જગ્યા હતી.

૪.૦ ફોરમના ઉપર મુજબના અવલોકનને ધ્યાનમાં રાખતાં વાદી અરજદારે માંગેલ વીજજોડાણનાં સ્થળ પર ક્રેસન્ટ ઓઈલ મીલનું વીજજોડાણ હતુ તેવું સાબિત થતું નથી.

૪.૧ સપ્લાય કોડ નં.૪/૨૦૧૫ ના કલોઝ નં.૪.૩૦ મુજબ વાદીએ માંગેલ વીજજોડાણવાળી જગ્યામાં ક્રેસન્ટ ઓઈલમીલનું વીજજોડાણ હતું તે સાબીત નથી થતું તેમજ પ્રતિવાદીની લ્હેણી નીકળતી રકમ વાદી કીશોરભાઈ વાલજીભાઈ ખીમસુરીયા પાસેથી લ્હેણી નથી તેથી ૪.૩૦ કલોઝ, વાદી અરજદારને વીજજોડાણના કેસમાં લાગુ પડતું નથી.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, " પ્રતિવાદીએ વાદીની નવા વીજજોડાણની અરજીને ધ્યાને લઈ અને વીજજોડાણ ચાલુ કરવા માટેની કાર્યવાહી નિયમ મુજબ કરવી."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એમ. રાજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૧૪.૦૨.૨૦૨૦

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar